જોવાનું હોવાનું જણાવ્યું હતું. હાઇવે રવાના કરી દેવામાં આવ્યા હતા.

# વૈશ્વિક બજારમાં ટકવા હવે ભારતીય કંપનીએ બેલેન્સસીટમાં ફેરફાર કર્યા

## વાપીમાં ફાયનાન્સિયલ રિપોર્ટિંગ પર સેમિનાર

ભાસ્કર ન્યૂઝ. વાપી

વર્ષ 2012-13ના નવા બજેટ બાદ કંપનીઓની બેલેંશશિટમાં આવેલા ફેરફાર અને અન્ય ફાયનાન્સિયલ રિપોર્ટીંગ સંદર્ભે ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ ઇન્સ્ટિટ્યૂટ વાપીમાં એક વર્કશોપનું આયોજન થયું હતું. જેમાં મુંબઇના તજજ્ઞોએ વિવિધ મુદ્દે વાપીના વિદ્યાર્થીઓને માહિતગાર કર્યા હતા.

વાપી બ્રાન્ચમાં યોજાયેલા આ વર્કશોપમાં સીએ મહેન્દ્ર મહેતાએ વિદ્યાર્થીઓને રિવાઇઝ શિડ્યૂલ 6 સંદર્ભે માહિતગાર કર્યા હતા. તેમણે જણાવ્યું કે, વૈશ્વિક બજારમાં ટકવા માટે હવે ભારતીય કંપનીઓની બેલેંશશિટમાં ફેરફાર કરવામાં આવ્યા છે. નવા માળખામાં કોર્પોરેટ બેલેંશશિટ લિક્વિડિટિ પેટન્ટ બેઇઝ બનાવાઇ છે. જે આંતરરાષ્ટ્રિય વેપારમાં લાભદાયી નિવડશે.



**સેમિનારઃ** વાપીમાં શનિવારે ફાયનાન્સિયલ રિપોર્ટિંગ પર યોજાયેલા સેમિનારમાં વિદ્યાર્થીઓને માહિતી આપતા (ઇનસેટમાં) સીએ મહેન્દ્ર મહેતા.

વર્કશોપમાં ઉપસ્થિત સંજીવ મહેશ્વરીએ ફાયનાન્સિયલ રિપોર્ટીંગ સંદર્ભે માહિતગાર કર્યા હતા. જેમાં તેમણે ખાસ કરીને કોર્પોરેટ ફાયનાન્સિયલ સ્ટેટમેન્ટમાં આવતી વિવિધ ત્રુટી સંદર્ભે વિદ્યાર્થીઓને માહિતગાર કર્યા હતા. હાલ સેબીએ પણ કંપનીના ફાયનાન્સિયલ સ્ટેટમેન્ટમાં આવતી તૃટિ સંદર્ભે એફઆઇએની દરમિયાનગીરી કરાવી છે. જે સંદર્ભે પણ તેમણે વિસ્તૃત જાણકારી આપી હતી.

વાપીમાં યોજાયેલા એક દિવસીય વર્કશોપમાં આનંદ બન્કાએ રિયલ એસ્ટેટ એકાઉન્ટિંગની માહિતી આપી હતી. તો સંજય શાહે સેકશન 2 (22) (ઇ), સેકશન 14એ, અને સેકશન 56 સંદર્ભના કેટલાક ઇસ્યુ સંદર્ભે ચર્ચા કરી હતી. આ સમગ્ર કાર્યક્રમનું આયોજન વાપી બ્રાન્ચના ચેરમેન જી. બી. લક્કાએ કર્યું હતું. જેમાં પાસ્ટ ચેરમેન જીજ્ઞેશ વસાણી અને વિદ્યાર્થી એસોસિએશનના પ્રમુખ હિતેશ પટેલ ઉપસ્થિત રહ્યા હતા.